# કલમ કડછી બરછી

શિક્ષણ  સેવા  સંરક્ષણ

બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

એપ્રિલ–૨૪ | વર્ષ : ૬૦
વર્ષ : જાન્યુઆરીથી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫




...તો રસ્તો મળે..

લાગે શરીરે ઘાવ, તો રસ્તો મળે,
પછડાટ થોડી ખાવ, તો રસ્તો મળે.
પૂસ્તકના જેવું જિંદગીનું હોય છે,
પાનું નવું ઉથલાવ, તો રસ્તો મળે.
ચકડોળ માફક હોય છે ફરતો સમય,
સાથે તમે બદલાવ, તો રસ્તો મળે.
ચુંબક નથી તું કે બધું ખેચી શકે,
રસ્તાની પાછળ જાવ, તો રસ્તો મળે.
ઈચ્છા જ દોરી જાય છે સૌને અહીં,
તારામાં તું જન્માવ, તો રસ્તો મળે.
કાગળ ઉપર દોરો ભલે નક્શા તમે,
પણ ચાલતા થઈ જાવ, તો રસ્તો મળે.

-હાર્દિક વોરા, રાજકોટ

# દેશ–વિદેશમાં પાટોત્સવની ઉજવણી



ન્યૂ જર્સી સ્થિત નાગર્સ ઓફ નોર્થ અમેરીકા સંસ્થા દ્વારા તા. ૨૦ એપ્રીલ ૨૦૨૪ ના રોજ ઉમીયાધામ મંદિર ખાતે ધૂમધામથી પાટોત્સવ ઉજવાય ગયો.જેમાં ન્યુ જર્સી, ન્યુયોર્ક, કનેટીકટ, પેન્સિલવેનીયા,વર્જીનીયા અને શિકાગોથી જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શરુઆતમાં જય હાટકેશના નારા સાથે, જ્ઞાતિજનોએ ખાસ બનાવેલી અને શણગાવેલી પાલખીમાં બિરાજમાન હાટકેશ્વર દાદાની રવાડી/શોભાયાત્રા નીકળી હતી. ધાર્મિક ભાવના અને ઉત્સાહપૂર્વક સૌએ ભાગ લીધો હતો.

બાદમાં બાળકોથી મોટા જ્ઞાતિજનો દ્વારા ભજન, નૃત્ય અને વાદન-ના રંગારંગ કાર્યક્રમમાં પ્રણાલી દેસાઇ-શિવ સ્તુતિ. ડો. કાવ્યા પંડિત - હાટકેશ્વર સ્તુતિ , મિવાન અને ધવેન વસાવડા - શિવ શંભુ ગીત, શ્રીયા રાવલ - શિવવંદના ક્લાસિકલ નૃત્ય, ઊર્મિલ પારઘી-શંકર ભગવાનનું ગીત અને તબલા વાદન .અથર્વ દેસાઇ-તબલા, જયદીપ નાણાવટી –ભજન, રુજુતા ધોળકિયા તથા દેવલ નાણાવટીએ ગરબો રજૂ કર્યા હતાં.

જ્ઞાતિજનોએ શરુઆતના દોરમાં ચા-કોફી સાથે બટાકાપોંવા, ત્યારબાદ ભોજનમાં ચુરમા લાડુ પુરી , રીંગણા - બટાકાનું શાક, પંચરત્ન કઠોળ, ફુલવડી, કાકડીનું રાયતું ને દાળ , ભાતનો રસાસ્વાદ માણ્યો હતો. બાળકો માટે પીઝા અને સોડાની વ્યવસ્થા કરવામાં આવી હતી. અંતમાં સૌ આઇસક્રીમ તથા પાન લઈ છુટા પડ્યા હતાં. **(અહેવાલ : શ્રીમતી રીતિ નાણાવટી)**

યુ.એસ.એ : લેઈક વિલા શિકાગો ખાતે સ્થાયી થયેલ શ્રી નિલ અશોક બુચ અને શ્રીમતી ધ્વનિ બુચના નિવાસ્થાને ૪૫ જેટલા જ્ઞાતિબંધુઓએ સાથે મળીને ઉમંગભેર શ્રી હાટકેશ જયંતિની ઉજવણી કરી. રુદ્રાભિષેક, શિવ મહિમ્ન સ્તોત્ર અને ભજનાનંદ ને અંતે સમૂહ ભોજનનો આનંદ લઇ સૌ છૂટા પડ્યા હતા.



રાજકોટ : ભગવાન હાટકેશ..તારીખ ૨૧ એપ્રિલ , સોમવારે નિત્યક્રમ મુજબ સાંજના ૬.૦૦ વાગ્યે વાજતે ગાજતે પંચનાથ મહાદેવ મંદિરેથી પાલખીમાં સવાર થઇ ભગવાન હાટકેશ (શંકર.) હાટકેશ્વર જવા નીકળ્યા. અતિશય ગરમી છતાં જ્ઞાતિજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા. રસ્તામાં ઠેર ઠેર પરંપરા મુજબ સ્વાગત, પૂજન અર્ચન કરવામાં આવ્યા. બેન્ડવાજા સાથે જય હાટકેશ નાદ અને બહેનો દ્વારા ધૂનની રમઝટ સાથે



લગભગ ૧ કલાકની પદયાત્રા કરીને જ્ઞાતિજનો દરબાર ગઢ સ્થિત હાટકેશ્વર મંદિર પહોંચ્યા. જ્યાં પણ વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો ઊપસ્થિત રહ્યા. સુંદર શણગાર અને સંગીતમય સાંધ્ય આરતી બાદ લોકો હર્ષભેર છૂટા પડ્યા.આ દિવસે સવારે રિવાજ મુજબ પાઠાતમક લઘુરુદ્ર નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં પણ જ્ઞાતિજનોએ ઉત્સાહભર ભાગ લીધો હતો. ફરી આવતે વર્ષે આ જ ઉત્સાહ જોવા મળશે તેવી અપેક્ષા સાથે જ્ઞાતિજનો છૂટા પડ્યા. (શોભાયાત્રા ફોટો/અહેવાલ : શ્રી યજ્ઞેશ માંકડ)



પાટોત્સવ પર્વ નિમિત્તે તા.૨૨/૪ને સોમવારના રોજ રાત્રે ૮થી ૧૦:૩૦ સુધી શ્રી  હાટકેશ પાટોત્સવ સમિતિ તથા શ્રી અ.વ.નાગર બોર્ડિંગ ટ્રસ્ટના ઉપક્રમે સમૂહ જ્ઞાતિ ભોજનનું આયોજન થઈ ગયું.બોર્ડિંગના વિશાળ પટાંગણમાં લાઈટીંગ,સુશોભન–સ્તોત્ર સ્તવનો સાથેના સંગીતમય વાતાવરણમાં યોજાયેલ સમૂહ ભોજમાં આશરે ૧૩૦૦ જેટલી મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ સામેલ થઈ, કેરીનો મધુર રસ, પુરી, રોટલી, પાત્રાં ને પાટવડી (ખાંડવી)રીંગણા બટેટાનાં શાક વગેરેના સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણ્યો હતો. દર વર્ષની જેમ વડીલો માટે ટેબલ ખુરશીની બેઠક વ્યવસ્થા સાથે પીરસીને ભોજન વ્યવસ્થા રાખવામાં આવી હતી.યુવાથી પ્રૌઢ વયના બહેનો એ પીરસવામાં પોતાની અનન્ય સેવાઓ આપી હતી.

અત્રે ખાસ નોંધનીય છે કે આ વખતના 'પ્રસાદ ભોજન' ખર્ચની સંપૂર્ણ જવાબદારી સ્વ. કશ્યપરામ એચ. ઓઝા તથા મુ.પ્રમોદરામ ઓઝા પરિવારે ઉપાડી ઉદાત્ત જ્ઞાતિભાવનાનું પ્રેરક ઉદાહરણ પૂરૂં પાડયું છે.

આયોજનમાં જહેમત ઉઠાવનાર સંસ્થા સંચાલકો, દાતાશ્રી, સ્વયંભૂ સેવા આપતા સ્વયંસેવક ભાઈઓ–બહેનો વંદન સાથે ધન્યવાદના અધિકારી છે.

(તંત્રી સ્થાનેથી : પાટોત્સવમાં જ્યારે જ્યારે સંખ્યા વધે છે ત્યારે ત્યારે આયોજન વ્યવસ્થા ખોરવાય છે (અન્ય મોટા શહેરને પણ લાગુ પડતું હોઈ શકે.) જે નિવારવા નક્કર આગોતરા આયોજન ને સંકલન સાધી સુવ્યવસ્થિત આયોજન માટે માત્ર સૂચનો : (૧) સૌ પ્રથમ તો જેમની પાસે અનુભવ અને સમય હોય તેવા અનુભવીઓ અને ટેકનોક્રેટસ યુવાનો સાથે હાટકેશ પાટોત્સવ સમિતિની પુનઃરચના કરી અગાઉના વર્ષોમાં થતી તેમ પાટોત્સવ પહેલાના ત્રણેક માસ પહેલાં નિયમિત બેઠકો કરી,રૂબરૂ ને વ્હોટસએપ ગ્રુપ બનાવી વિચારોની આપ લે કરવાની જરૂર છે.(૩) જેમાં કેટરીગ, મેનુ,ઉપરાંત મુખ્યત્વે સંખ્યા પ્રમાણેના કાઉન્ટરની વ્યવસ્થા અને તે સંભાળવા જેટલા સ્વયંસેવકોની યાદી તૈયાર કરવી, સોશ્યલ મીડિયા દ્વારા જ્ઞાતિને જાણ કરી છેલ્લી મીટીગ યોજી શકાય, જેમાં સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણયથી સૌને માહિતગાર કરી ઉપસ્થિત જ્ઞાતિજનોના સૂચન લઈ સેવા આપવા ઈચ્છુકોને જોડી પણ શકાય.(૪) સંખ્યા વધારે થાય





ત્યારે ભોજનમાં પહેલાં બહેનો ને બાળકો પછી પુરૂષો તેમ પણ બદલાવ લાવી શકાય. થોડા સમય પહેલાં જ્ઞાતિની પાંગરતી પ્રતિભાને પ્રદર્શિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ તેવો સંગીત – નૃત્યનો કાર્યક્રમ કે જ્ઞાતિ કલાકારો દ્વારા સુગમ સંગીત–ભજનોનો કાર્યક્રમ પણ આ 'ગેપ' દરમ્યાન હોલમાં યોજી શકાય. (૫) પાટોત્સવ ભોજનમાં જોડાનાર વધારે સંખ્યામાં ૫૫–૬૦ વર્ષ ઉપરની વયના અને પગની તકલીફ ધરાવતા બુઝર્ગો હોય છે ત્યારે ખુરશી ટેબલની સંખ્યા વધારવી જરૂરી બનશે.જેનો લાભ લેવા માગતા આવા બંધુઓ પાસેથી ખુરશી ટેબલના ભાડા–ગોઠવણ માટે નિશ્ચિત વધારાની રકમ લઈ, કેટરર્સને ચૂકવતા હોય છે તેમ સામાન્ય સ્થિતિ ધરાવતા બંધુ હોય તેને પીરસવા અન્ય સેવા માટે મહેનતાણુ આપી ન રોકી શકાય? વ્યવસ્થા સચવાશે અને જ્ઞાતિ/ટ્રસ્ટના પૈસા જ્ઞાતિજનને જ મળશે ને તેમ મદદરૂપ પણ થવાશે.(૪) ભુજ,જૂનાગઢ,જામનગરમાં પાટોત્સવ /અન્ય કાર્યક્રમો સફળ થવા પાછળના કારણો, ત્યાંના/ અહીં વસતા જ્ઞાતિબંધુઓના મંતવ્ય જાણી શકાય. (૫) અંતમાં..વિશુદ્ધ જ્ઞાતિભાવનાથી આપવામાં આવતાં અનુદાન નિરપેક્ષ જ હોય છે છતાં, મુખ્ય યજમાન – દાતાને પરિવાર સહિત મંચ ઉપર સ્થાન આપી માત્ર પુષ્પગુચ્છ આપીને પણ સન્માન કરવાની પ્રથા શરૂ કરીએ તો!?

અમે જાણીએ છીએ કે યુવાનો પાસે સમય નથી ને જ્ઞાતિકાર્ય માટે નીરસ પણ છે તેથી લગભગ દરેક શહેરમાં પ્રૌઢ વયના કાર્યકરો દ્વારા જ આવા કાર્યક્રમો યોજાય રહયા છે, જેને હંમેશા બિરદાવીએ છીએ છતાં ઈચ્છા શક્તિ અને ટીમ વર્ક, ઈચ્છુક યુવાનોને આગળ કરી, સકારાત્મક અભિગમ સાથે નવા વિચારો આવકારી, સૌના અભિપ્રાય મેળવી વધુ વ્યવસ્થિત આયોજન થઈ શકે તે ઉદ્દેશથી સૌના હિતાર્થે સ્ફૂરેલા વિચારો–સૂચનો અત્રે રજૂ કર્યા છે. કેટલીક બાબતોથી અજાણ પણ હોઈ શકું તો સંસ્થાના હોદ્દેદારો લખી જણાવી શકે છે અને જ્ઞાતિજનો પણ પોતાના અભિપ્રાય–સૂચનો લખી જણાવી શકે છો. –વિ.શાં.ધો.–તંત્રી)

<u>ગાંધીનગર</u> ખાતે શ્રી વડનગરા નાગર મંડળ તથા શ્રી વિસનગરા નાગર ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી શ્રી હાટકેશ પાટોત્સવ નિમિત્તે તારીખ ૨૦/૪ના રોજ સાંજે ૭ થી ૧૦ વાગ્યા સુધી, સેક્ટર ૨૩ની લગ્નવાડી ખાતે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન થઈ ગયું. આ કાર્યક્રમમાં શ્રી જગદીપ મહેતા પ્રસ્તુત ગોલ્ડન ચિયર્સ દ્વારા આદ્ય કવિ શ્રી નરસિંહ મહેતાના પદો, પ્રભાતિયા તથા ભજનોની સુરીલિ પ્રસ્તુતિ કરી, બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. સાથે યુવાનોએ પારંપારિક વેશ પરિધાનમાં ગરબે ઘૂમવાનો પણ આનંદ માણ્યો હતો.

(અહેવાલ : શ્રી કશ્યપ મહેતા)



## સદવિચાર પરિવાર દ્વારા પત્રકાર શ્રી ભવેન કચ્છીનું જાહેર સન્માન



અમદાવાદમાં મુખ્ય મથક ધરાવતી ગુજરાતની ખૂબ જ આદરણીય સંસ્થા "સદવિચાર પરિવાર" દ્વારા સમાજમાં પ્રદાન આપતી ઉદાહરણીય  સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વખતે તેઓએ સાહિત્ય અને કલમથી પણ હકારાત્મક વાતાવરણ સર્જતા પ્રતિનિધિઓમાંથી પણ પસંદગી કરી હતી જે અંતર્ગત "ગુજરાત સમાચાર"ના પત્રકાર અને જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં ચાહના ધરાવતા લોકપ્રિય કોલમ લેખક, ચિંતક શ્રી ભવેન કચ્છીનું સન્માન કર્યું હતું. ભવેન કચ્છી હવે જ્ઞાતિ ગૌરવથી આગળ વધીને વર્ષોથી ગુજરાતનું ગૌરવ મનાય છે.સદવિચાર પરિવારના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પી.કે.લેહરી અને સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટના પ્રમુખ ડો.વિનુભાઈ પટેલ દ્વારા ભવેન કચ્છીનું આ સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માનમાં ગાંધીજીના ત્રણ વાંદરાની જેમ ડો. વિનુભાઈ પટેલે પાંચ વાંદરાઓનું શિલ્પ પ્રકારનું આર્ટ વર્ક તૈયાર કરાવ્યું હતું અને તેનો સમાજમાં પ્રસાર કરી નવતર સર્જનાત્મકતા બતાવી હતી. પાંચ વાંદરાઓ નીચે અનુક્રમે લખાયું છે કે (1)Be positive (2) speak sweet (3) listen good(4) see good(5) Do good.

સન્માનમાં એનાયત થયેલ શિલ્પમાં લખવામાં આવેલ શબ્દો જાણે કે ભવેનભાઈના જ અભિગમ સાથે ગુણો દર્શાવે છે. સમાજમાં માહિતી સાથે જ્ઞાનના પ્રસારક એવા સકારાત્મક વિચારવાન લેખક શ્રી ભવેન કચ્છીએ આ એવોર્ડ મેળવી ફરી એકવાર જ્ઞાતિને જ નહીં, ગુજરાતને પણ ગૌરવ બક્ષ્યું છે. બરછી પરિવાર તરફથી ગર્વભેર અભિનંદન સાથે મા સરસ્વતીની સદૈવ કૃપા રહે તેવી શુભકામના પાઠવીએ.

## હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર દ્વારા ડો. રાજેન્દ્ર કે.હાથીનું જાહેર સન્માન



ભારતીય સંસ્કૃતિ અને ધરોહરને ઉજાગર કરતી સંસ્થા હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર વર્ષ ૨૦૦૮ થી કાર્યરત છે. જેના દ્વારા છેલ્લા બે વર્ષથી સમગ્ર ગુજરાતના ૨૭ જિલ્લાઓમાંથી સંગીત, ચિત્રકલા, હાસ્ય કલા, પર્યાવરણ, હસ્તકલા, જલ સંરક્ષણ, લેખન પ્રકાશન, સંશોધન, હેરિટેજ પ્રવાસન, ગ્રાહક જાગૃતિ, આરોગ્ય જાગૃતિ અર્થે કાર્યરત વ્યક્તિ વિશેષો ની ખોજ કરી તેમને ગાંધીનગર આમંત્રિત કરી, ઉપરોક્ત દરેક ક્ષેત્રે અતુલ્ય વારસો જાળવવામાં યોગદાન બદલ આઈડેન્ટિટી એવોર્ડ સન્માન પત્ર આપી ખેસ ઓઢાડીને બહુમાન કરવાનું ઉમદા કાર્ય કરી રહી છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ ના એવોર્ડ માટે ઉપરોક્ત અનેક ક્ષેત્રોના વ્યક્તિ વિશેષોના મોટી સંખ્યામાં આવેદનપત્રો મળ્યાં. જેમાંથી સક્ષમ કમિટી



દ્વારા ૧૦૦ વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી. વડોદરાના ભાગે પાંચ એવોર્ડ પાત્ર વ્યક્તિઓમાં જાણીતા આયુર્વેદ તજજ્ઞ, હાસ્યકાર, હાસ્ય કવિ ડો. રાજેન્દ્ર કે.હાથીનો તેમાં સમાવેશ થયો અને તારીખ ૭-૪-૨૪ના રોજ ગાંધીનગરના ડો આંબેડકર ભવન ખાતે યોજાયેલ ગરિમા પૂર્ણ સમારોહમાં, વિચારતા સમુદાય સમર્થન મંચના મેનેજિંગ ટ્રસ્ટી તથા સંસ્થાપક મિતલ પટેલના વરદ હસ્તે ડો. રાજેન્દ્રભાઈને ગ્રાહક જાગૃતિ આયુર્વેદ આરોગ્યના વક્તા, કવિત્વ, હાસ્યકળા, કુશળ ઉદઘોષક, સભાસંચાલક તરીકેના તેમના દાયકાઓના યોગદાન બદલ આઇડેન્ટિટી એવોર્ડ- સન્માન પત્ર અર્પણ કરી, ખેસ ઓઢાડી બહુમાનિત કરવામાં આવ્યા.

અત્રે નોંધ લઈએ કે શ્રી રાજેન્દ્રભાઈ તેમની ૭૫+ની જૈફ વયે વોટ્સએપ, સામયિકોમાં લેખનના માધ્યમથી આયુર્વેદ અને આરોગ્ય, હાસ્ય અને ગીત સંગીત દ્વારા પોતાને સ્વસ્થ રાખી અને સમાજને તંદુરસ્ત અને મનદુરસ્ત રાખવાની આજે મોટી સેવા કરી રહ્યા છે. તેમને મળેલ સન્માનને બરછીના આરોગ્ય વિષયક લેખક તરીકે પણ ગર્વભેર વધાવીએ અને અભિનંદન સાથે સ્વસ્થ જીવનની શુભકામનાઓ પાઠવીએ.



## કુ. મોહા ધોળકિયાએ એમબીબીએસ.ની પદવી મેળવી

રાજકોટ સ્થિત શ્રીમતી ગીતાબેન તથા નિમીષભાઈ કૃષ્ણકુમારભાઈ ધોળકિયાનાં પુત્રી કુ. મોહાએ HNGU સંચાલિત GMERS મેડિકલ કોલેજ વડનગર ખાતે અભ્યાસ કરી એમ.બી.બી.એસ. પદવી મેળવી છે.

કુ. મોહા હાલ NEET PG ની તૈયારી કરી રહ્યાં છે. અભિનંદન સહ શુભકામનાઓ.

**સંક્ષિપ્ત સમાચાર :**

**વડોદરા : અત્રેના શ્રી કદમ યાજ્ઞિકને સાહિત્ય સેતુ-રાજકોટ દ્વારા આયોજિત લઘુ વાર્તા સ્પર્ધા માં ભાગ લેવા બદલ સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યું.**


**રાજકોટ : રક્ષાબેન પ્રદીપભાઈ દેસાઈએ નવગૃહ પ્રવેશ નિમિત્તે આરાધના મંડળના બહેનોને નિમંત્રિત કરી, સ્વાદિષ્ટ ભોજન સાથે હોળી પર્વની પણ ઉજવણી કરી.**

**અમદાવાદ : શ્રીમતિ ડો.પુર્વા કચ્છી-વસાવડા ગોતા વિસ્તાર સ્થિત સિલ્વર ઓક યુનિવર્સિટીમાં આસી. પ્રોફેસર તરીકે નિમણૂંક પામ્યાં. તેણી શ્રીમતિ દતાબેન - વિજયભાઈ કચ્છીના પુત્રી અને શ્રીમતિ રક્ષાબેન- ભાવિનભાઈ વસાવડાનાં પુત્રવધૂ થાય છે.**

**સગપણ સગાઈ :**

**રાજકોટ સ્થિત ખેવના શૈલેષ ધોળકિયાનું સગપણ રાજકોટ સ્થિત ધ્રુતિબેન અને સ્વ.મુકેશભાઈ અવાશિયાના પુત્ર રોનક સાથે.**

**રાજકોટ સ્થિત શ્રીમતી શિલ્પા અને શ્રી ઓજસ મંકોડીના પુત્રી ઝલકનું સગપણ રાજકોટ સ્થિત શ્રીમતી દર્શનાબેન અને શ્રી કિરણભાઈ વસાવડાના પુત્ર નિસર્ગ સાથે.**



# નિરાળી નાગરી નાત

- જગદીશ ચં. છાયા 'શ્રેયસ'-ભુજ

"સહજ સૌન્દર્યથી છલકાતી,લટકાળી,નમણી,રમણી જો સુંદર નામ ધારી અને મૃદુ-મિષ્ટ ભાષી પણ હોય તો.... તો કોઇપણ વ્યક્તિ પૂરા આત્મવિશ્વાસથી બોલી ઉઠશે ' તેણી નાગરાણી જ છે'!

"નમણી નાર ને નાકે મોતી" તેની આગવી ઓળખ..! ભારતના નાગરોની ભાષા શિષ્ટ-સર્વમાન્ય સ્વીકૃત થઇ છે. નાગરો પાઠ્ય પુસ્તકની ભાષા બોલે છે. "નાગરી કે દેવ નાગરી" લિપિ રચનાર નાગરોનું પ્રદાન અમરત્વ પામ્યું છે. નાગરોમાં 100% સાક્ષરતા વર્ષોથી છે. ૧૦૦વર્ષનાં માજી પણ સહી જ કરશે, અંગૂઠો નહિ !

નામ પાડવામાં નાગરો પંકાય . મારી પૌત્રીનું નામ છે હોંશ. ( હોંશ શબ્દ નાગરોનો પર્યાય છે. ). મારાં દાદીબાનું નામ હતું. 'આદિત્યગૌરી' !! અન્ય જ્ઞાતિનાં લોકો પોતાનાં સંતાનોનાં નામ પાડવા નાગરોની સલાહ લે છે. કચ્છી યાયાવર પંખી સુરખાબને કચ્છીઓ 'હંજ ' કહે છે નાગરો આ કચ્છી શબ્દને પણ માન આપે છે. આ રહી એ વાતની પ્રતીતિ ભુજની એક નાગર બેબી નામ છે 'હંજલ' !

કચ્છનાં નાગરોની અનોખી પ્રોત્સાહક પ્રથા :સાકર-નાળીયેર .

ફક્ત કચ્છનાં નાગરોમાં, બોર્ડના પરિક્ષાર્થી ભાઈ-બહેનોને શુભેચ્છાનાં પ્રતિક રૂપે 'સાકર-નાળીયેર' આપવાની ઉમદા 'વિદ્યાર્થી-પ્રોત્સાહક' પ્રથા છે. વર્ષો અગાઉ , જયારે કચ્છમાં S.S.C. પરીક્ષાનું કેન્દ્ર ના હતું ત્યારે પરીક્ષાર્થીઓને રાજકોટ, મુંબઈ કે કરાચી જવું પડતું. કચ્છ માટે મુંબઈ વધુ અનુકૂળ રહેતું. માંડવીથી દરિયા વાટે મુંબઈ જવાતું.દરિયાપારની મુસાફરી થતી હોઈ, 'સાકર નાળીયેર' સ્વરૂપે પ્રતીકાત્મક શુભેચ્છા અપાતી, જે પરંપરાના ભાગ રૂપે પ્રથા બની ગઈ છે. જો કે હવે નવી પેઢી પૈકી કેટલોક વર્ગ આ જૂની પ્રથાનો વિરોધ પણ કરે છે. મિત્રો,આ પ્રથા જૂની જરૂર છે કદાચ વર્તમાનમાં એ પ્રથા અપ્રસ્તુત લાગે પણ એ 'પરંપરા' છે, 'કુ-પ્રથા' તો નથી જ. હા,પ્રથાનું સ્વરૂપ બદલીએ. પ્રથા સાચવવા માટે એકાદ-બે કલાક ફાળવીએ પણ એક આગવી અનોખી પ્રથા બંધ ન કરીએ. આ ગૌરવ ભરી પ્રથા કોઈ અન્ય સ્વરૂપે પણ..કાયમ ટકી રહે એમ ઈચ્છીએ.

'સાકર-નાળીયેર' આપવાના બહાને પારિવારિક મિલન થાય છે, સ્નેહીજનો પણ આમાં સામેલ થાય છે. પરીક્ષાર્થીઓને એ સૌની શુભેચ્છા થકી નવો ઉત્સાહ અને પ્રોત્સાહન મળે છે.

'હોંશ્' નાગરોનો પર્યાય !

પ્રસંગ ભલે નાનો હોય ,..એની ઉજવણીમાં 'હોંશ ' ભળી જાય એટલે ઉપડી આવે. ચાતુર્ય અને મર્મ ભેદી બોલી માટે પ્રખ્યાત નાગરો નિખાલસ,રમુજી અને મળતાવડા હોય છે.

'કલમ કડછી ને બરછી' એમનાં પ્રતીકો છે.નાગરોની નિરાળી ખાસિયતો ની વાત પણ નિરાળી છે ! પાંચ 'પ' નાગરોની વધુ એક ઓળખાણ ..



પૂજાપો,પાટિયું (હીંચકો), પાન, પીતાંબરી, પાનેતર.

મોરારિબાપુ પોતે મૂળ નાગર હોવાનું કહી, ગૌરવ લે છે. તેઓ કહે છે "આ પક્ષપાત નથી, 'પ્રેમપાત' છે." નાગર શબ્દનો વ્યાપક અર્થ લેતાં બાપુ કહે છે, "કુશળ કારીગર,મજૂર,પાકશાસ્ત્રી,ખેડૂત,શિલ્પી, કવિ.લેખક,સર્જક, ચિત્રકાર, કલાકાર. બધાં જ નિપુણ નાગરો જ ગણાય. જેનામાં વેરઝેર ન હોય તે નાગર." બાપુનાં આ વિધાનને સંકુચિત નહિ, વિશાળ અર્થમાં લેવા વિનંતી.

મુત્સદીગીરી નાગરોને મળેલ કુદરતી બક્ષિસ છે.રાજાશાહીમાં આ ગુણને લીધે જ નાગરોને ઉચ્ચ હોદ્દા મળતા .નાગરો સુધારાવાદી,કાર્ય દ્દક્ષ અયાચક, કરકસરિયા, ચિંતનશીલ હોય છે.નાતમાં કુરિવાજોનો અભાવ, કંકુ અને કન્યાની ઉદાત્ત ભાવના,પુત્ર-પુત્રી નો સમભાવે ઉછેર,સાસુ-વહુ ના સમ્બન્ધ માં-દીકરી જેવા ,સ્ત્રી દાક્ષિણ્ય ,નાના બાળકો ને પણ માન (બેનામ) થી બોલાવે.

નાગર ચકલો : નાગર ચકલો કે નાગર વાડો નાગરોનું મધ્યવર્તી કેન્દ્ર. અહી એક પણ વિષયની ચર્ચા બાકાત રહી જ ન શકે. દુધઈ થી દુબઈ, રામાણીયા થી રોમાનિયા, કેરા થી કેરો(ઈજિપ્ત), મસ્કા થી મોસ્કો, ભુજ થી બુર્જ ખલીફા, ડોણ થી ડોનાલ્ડ ટ્રમ્પ,વાલજી થી વોટ્સએપ, ફૂલભાઈ થી ફેસબુક, ઝૂમખગૌરીથી માર્ક ઝૂકરબર્ગ, બળદીયાથી બ્રમ્હાંડ.. સુધીની ચર્ચા અહી થાય.

'હાથી-સિંહ'નાં પ્રતીકો: કચ્છના નાગરોનાં ઘરની ઓળખ. કચ્છમાં નાગરોના ઘરની બહારની દીવાલ પર હાથી અને સિંહ દોરવાની અનોખી પ્રથા છે..એ ધૈર્ય અને જિગરનાં પ્રતીકો છે.

'દૂધમાં સાકર' જેમ ભળી જવાની નાગરોની વધુ એક ખાસિયત છે. 'જ્યાં જ્યાં વસે નાગર ત્યાં સદાકાળ હાટકેશ'!

હા, નાગરોની કેટલીક અટકો વિચિત્ર ખરી.

નાતની બેઠકના સમાચાર કૈક આવા હોય...

"..સર્વ શ્રી.હાથીના પ્રમુખપદે અને ઘોડાના અતિથિ વિશેષ પદે યોજાએલ સ્નેહ મિલનમાં...માંકડ, મંકોડી વ..એ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા.બૂચે પૂર્ણાહૂતિ કરી હતી". જ્યોતીન્દ્ર દવેની આવી રમૂજ પણ પ્રચલિત હતી.

નાગરોની રસિકતા તો જુઓ...!!

નાગરાણીઓ નાગરવેલનાં પાન જેવી હોય.. એ હિંચકે બેસી બેઠી બેઠી પતિને પાન આપતાં ગાતી હોય..

"કપૂરી પાન ચુનાનું, સમારી સાફ તે કીધું,
કળીના કેશરી ચુના,થકી તે ચોપડી દીધું,
સુગંધીનો મૂકી કાથો, લવીન્ગે તે દીધું ભીડી ,
પતિ પ્યારા સ્વીકારો ને પ્રિયાનું પાનનું બીડું."



# ત્યકતા

એક પિતાને બહોળો કારોબાર હતો. પત્ની થોડું ભણેલી પણ ખૂબ જ વ્યવહાર કુશળ. સંતાન માં ચાર છોકરા અને એક છોકરી. બધાને સારી રીતે ભણાવ્યા અને દરેકને રૂચી પ્રમાણે કારોબાર શરૂ કરાવી સોંપી દીધો. છોકરીને ઉંમર થતાં સારા ઘેર પરણાવી. આમ સંસાર ખૂબ સુંદર રીતે પસાર થઈ રહ્યો હતો. જ્ઞાતિમા પાંચમા પૂછાય તેવી શાખ હતી.

વર્ષો વીતવા લાગ્યાં. એક દિવસ પિતાજીની તબિયત બગડી ખુબ સારવાર કરી પણ હવે ઉંમરના કારણે લાંબી સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું. બધા છોકરાઓએ ખૂબ સારી રીતે અંતિમ ક્રિયાઓ પતાવી. થોડાક દિવસ તો શોકનો માહોલ રહ્યો. શોકની લાગણી પૂરી થતાં સ્થાવર જંગમ મિલકતની વહેંચણીનો પ્રશ્ન આવ્યો, ત્યારે તપાસ કરતાં જાણવા મળ્યું કે પિતાજીએ તો વીલ કરી રાખ્યું હતું. ત્યારબાદ ચારે ભાઈઓ એ ભેગા બેસી વીલ પ્રમાણે વહેંચણી કરી. આમાં કોઈને કાંઈ વાંધો નહોતો, કારણ પિતાજીએ પહેલેથી જ તેમને પોતપોતાના ધંધામાં સ્થાયી કરવા ખૂબ મદદ કરી હતી અને બધા ખૂબ સુખી હતા. બંને બહેનોને પણ લખ્યા મુજબ તેનો ભાગ આપી દીધો હતો.

ખરી મુસીબત ત્યારે આવી કે જ્યારે વિલમાં માતા માટે તેમણે કોઈ વ્યવસ્થાનો ફોડ નહોતો પાડ્યો. તેમણે વિચાર્યું હશે કે ચાર ચાર છોકરાઓ જેને મેં બધી રીતે મદદ કરી અને ખૂબ સુખી છે તો માતાને તો સારી રીતે રાખશે જ. અને તેથી જ માતા માટે આ બાજુ ચારે ભાઈઓ એકબીજાના મોઢા જોવા લાગ્યા. ખૂબ વિચારણાને અંતે એવું નક્કી થયું કે માતા દરેક ભાઈને ઘેર ત્રણ ત્રણ મહિના રહેશે. જેથી કોઈને ભારરૂપ ન થાય. આમ સુખી સંપન્ન ભાઈઓએ માતાના ભાગ પાડી દીધા. માતા આ વાત સાંભળી આશ્ચર્યચકિત થઈ ગઈ, પણ એની પાસે કોઈ વિકલ્પ ન હતો. માતાએ છોકરાઓને કહ્યું પણ ખરું કે હું જો ભારરૂપ લાગતી હોઉં તો મને કોઈ સારા વૃદ્ધાશ્રમમાં વ્યવસ્થા કરી મૂકી આવો. ત્યારે છોકરાઓ બોલ્યા, 'શું વાત કરો છો! આવું કરીએ તો નાતમાં આબરૂ જાય કે ચાર છોકરાઓ હોવા છતાં માતાને વૃદ્ધાશ્રમમાં મૂકી? આ શક્ય નથી. અમે જે વ્યવસ્થા કરી છે એ બરાબર છે અને તે માતાએ નિર્ણય નાછૂટકે સ્વીકારવો પડ્યો.

જે માતા ખુબ સુખ-સાહેબીમાં રહેતી તેને હવે છોકરાઓના ઘર ગણવાનો વારો આવ્યો. કપડાં અને અંગત વસ્તુઓની પેટી તૈયાર રાખતી. જે તેની મૂડી ગણાતી. શરૂઆતમાં તેની ખૂબ કાળજી લેવાતી. પોતે એક દિનચર્યા પ્રમાણે સમય વિતાવતી. પછી સમય વીતતાં આંખે ઓછું દેખાતું અને બહેરાશ પણ આવી ગઈ હતી. આવી સ્થિતિમાં તેમને ખૂબ અઘરું લાગવા માંડ્યું. છોકરાઓ અને તેમના પરિવારની વ્યસ્તતાને લીધે માતા તરફ ધ્યાન ઓછું થવા માંડ્યું. આમ છતે પરિવારે એકાકી જીવન અકારું થઈ પડ્યું.




ઘણીવાર તે શૂન્ય મને કલાકો બેસી રહેતાં. ધીરે ધીરે પોતાને એક ત્યકતા છે એવું માનવા લાગ્યાં, અને એક જાતની લાચારી અનુભવવા લાગ્યાં. છેલ્લે જીવન જીવવા કરતા મૃત્યુ ક્યારે આવશે, એવી લાગણી અનુભવવા લાગ્યાં આને નસીબની બલિહારી સિવાય શું કહી શકાય!?

કર્દમ યાજ્ઞિક, વડોદરા. (M. 9998064754)

## આરોગ્ય ગગા :

## વાત પ્રકૃતિ વાળાઓએ વાયુને હરવા શું ખાવું?

અનાજ*ઘઉં,જુવાર,ડાંગર,કાંજી,કઠોળ*અડદ,કળથી,શાકભાજી*.અળવી,કંકોડા,ગલકા,ગાજર,ડુંગળી,દોડી, તાંદળજો, પરવળ, મૂળા,મેથી ની ભાજી,કોળું,રતાળુ, લૂણી ની ભાજી,રીંગણાં,સરગવો, સૂરણ ફળો* પાકી કેરી, જમરૂખ, દાડમ, કાળી દ્રાક્ષ,નારિયેળ,ફાલસા,કાચા બીલા,બોર,મોસંબી, સકર ટેટી, રાયણ, લીંબુ, શેટ્ટુર, શેરડી, ગોળ સૂકો મેવો*અખરોટ,આલુ,કાજુ,ચારોળી,પિસ્તા,બદામ મસાલા* અજમો,આદુ,પાકી આમલી, આમળા, એલચી, કેસર, ખસ ખસ ,જીરું,તજ,તુલસી,ફુદીનો, મરચા,મરી,લવિંગ,લસણ, વરિયાળી, સિંધાલૂણ, સંચળ, તેલ *કોપરેલ, તલ,દિવેલ,સરસવનું તેલ પ્રાણીજ*ગાયનું દૂધ, છાશ,માખણ, ઘી,ભેશની છાશ અને ઘી, બકરીની છાશ, માખણ આ બધું ખાવાથી શરીરમાંનો વાયુ વકરશે નહિ.

જો તમે વાત પ્રકૃતિના માણસ હો અને કમરદર્દ,ગરદન ના દુખાવા,રાંઝણ,ખભાની જકડાહત, સંધિવા ,જેવા વાયુના દુખાવાના રોગો હોય તો નીચેના વાયુ કરે તેવા ખાદ્યો ના ખાવા અથવા બહુ જ ઓછા ખાવા...**અનાજ** : કોદરા,જવ,નાગલી,બાજરી,મકાઈ,સામો. **કઠોળ** : ચના,ચોળા, તુવેર,મગ,, મસૂર, વટાણા, વાલ **શાકભાજી** : કાકડી,કારેલા,કોબી,ગુવાર,ગીલોડા,ચીભડું,તુરીયા, દૂધી,પાલખ, બટાટા,ભીંડા **ફળ** : કાચી કેરી,જાંબુ,દ્રાક્ષ,પાકું પપૈયું,ફણસ,પાકા બિલા,સીતાફળ. સૂકોમેવો*ખજૂર,સોપારી,શિંગોડા--**મસાલા** : કોકમ. તેલ : સિંગતેલ--પ્રાણીજ : ભેંસનું માખણ,મધ - ડો. રાજેન્દ્ર કે.હાથી,વડોદરા

---

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાંજલિ :

ભુજ : સતિષભાઈ સવાઈલાલ ધોળકિયા (૬૯) ( નિવૃત પીજીવીસીએલ ) સુભાષ કિશોરચંદ્ર માંકડ,
વડોદરા : શ્રીમતી દેવાંગનાબેન યોગેશભાઈ ઝાલા, ગં.સ્વ.ભ્રાંતિબેન ભુપેન્દ્રભાઇ માંકડ, રસિલા તનસુખરાય પટ્ટણી (ગોત્રી મેડિકલ કોલેજને દેહદાન, કર્યું )ઉમાબેન યોગેન્દ્રભાઇ દેસાઈ, આશિથભાઈ કિશોરચંદ્ર દેસાઈ, કલ્પેશ (કાર્તિક)ભાઈ નિરંજનભાઈ માંકડ (૬૪-વર્ષ) ઉષાબેન ચંદ્રવદનભાઈ દેસાઈ (૮૮ વર્ષ)
અમદાવાદ : ડો.કમલેશ આવસત્થી, સનતભાઇ વિનોદરાય વૈષ્ણવ, જ્યોતિન્દ્ર (જનાભાઈ) ગજેન્દ્રલાલ નાણાવટી. // ભાવનગર : હેમન નરેશચંદ્ર વછરાજાની, પ્રશાંતવદન એમ વોરા (જયંતભાઈ) (૮૬ વર્ષ)
રાજકોટ: દિવ્યકાંતભાઈ જનાર્દનભાઈ વત્સરાજ(૭૧ વર્ષ) હેમેન્દ્ર રુદ્રપ્રસાદ વસાવડા, ઈશ્વરીબેન નવીનભાઈ માંકડ (નિવૃત, ટ્રેઝરી ઓફિસ) નૂતનભાઈ શાંતિલાલ દેસાઈ (નિવૃત સેન્ટ્રલ બેંક) શ્રીમતી હેમાક્ષીબેન જયકુમારભાઈ દેસાઈ, શ્રીમતિ દેવયાનીબેન અવિનાશભાઈ વૈશ્નવ (આણંદ ખાતે) //
જુનાગઢ - પરીમલભાઈ જોશિપૂરા, વિનોદરાય વસંતરાય અંતાણી (૯૧ વર્ષ)
જામનગર : શ્રીમતી કોકીલાબેન અરવિંદભાઈ છાંયા, ગં.સ્વ. સરોજબેન કિરીટભાઈ વત્સરાજ, જીતેન્દ્રભાઈ કે. સ્વાદિયા // ગાંધીનગર : શ્રીમતી જયશ્રીબેન અરવિંદભાઈ અવશિયા



# રહસ્ય

ઓહ માય ગોડ! આજથી પહેલા ક્યારેય ખુશાલીની આંખોમાં કેયુરે આવી ચમક જોઈ નહોતી. લગ્નના 15 વર્ષના સમયગાળામાં પહેલી વખત ખુશાલી ની આંખોમાં આજે કંઈક અલગ જ ચમક હતી. અને એક અલગ ખુશી દેખાતી હતી. એના ચહેરા પર આટલી ખુશી તો આટલા લાંબા સમયમાં ક્યારેય પણ કેયુરે તેને જોઈ નહોતી તેનાથી રહેવાયું જ નહીં.

ખુશાલી ને પૂછી જ લીધું, 'ખુશાલી આજે તો કંઈક અલગ જ વર્તાય છે તું' 'આજથી પહેલા મેં તારા ચહેરે કે આંખોએ આવી ચમક ક્યારેય નથી જોઈ'. 'તો શું છે એનું સિક્રેટ?' ગમમત કરતા કેયુરે કીધું ચમક શેની છે? ખુશાલી બોલી, 'પ્રેમની ચમક છે પ્રેમની'. 'મને પ્રેમ થઇ ગયો છે'.

કેયુર તો ડઘાઈ ગયો. થોડો સ્વસ્થ થઈને બોલ્યો, 'શું કહે છે તું એનું ભાન છે તને? "આઈ એમ યોર હસબન્ડ" હું તારો પતિ છું, 'તું બે સંતાનોની માતા છે' અને '15 વર્ષનું આપણું લગ્નજીવન છે'. અને 'તું કહે છે કે તને પ્રેમ થઇ ગયો'? . 'પાગલ છે કે શું? છે કોણ એ '? અને આવા તો કેટ કેટલાય સવાલો એક શ્વાસ એકે કહ્યું રે ખુશાલી ને પૂછી લીધા.

'અરે..! સાંભળ કેયુર, સાંભળ. થોડી શાંતિ રાખ'. 'એટલો બધો હાઇપર ના થા..અને તને શું લાગે છે? મને નથી ખબર કે હું બે સંતાનોની માતા છું'? 'પણ તો શું મને પ્રેમ કરવાનો અધિકાર નથી?' 'મને પ્રેમ ન થાય? 'અને પ્રેમ થયો સાંભળીને તે શું ધારી લીધું ? મને ખબર નથી.' 'પણ તે પૂછ્યું છે કોણ'? તો તને કહી જ દઉં કે, 'કોની સાથે મને પ્રેમ થયો છે સાંભળ, અત્યાર સુધી નિરર્થક માનતી મારી જાત સાથે સૌથી પહેલો પ્રેમ થયો છે'' અને પછી તારી સાથે પ્રેમ થયો છે'. 'આર યુ મેડ'? પાગલ છે તું? 'હવે શું ૧૫ વર્ષે પ્રેમ પ્રેમ હતો'. ને 'છે એટલે તો આ ૧૫ વર્ષથી લગ્નજીવન જીવીએ છીએ'.

હા, કેયુર તારી વાત સાચી. પરંતુ લગ્ન સમયે થયેલા પ્રેમમાં માત્ર સપનાઓ, કલ્પનાઓ, અપેક્ષાઓ, એકબીજાને ખુશ રાખવાની, જતન કરવાની, ને કાળજી રાખવાની જવાબદારીઓ હતી. પણ એમાં ક્યાંય એક મેકનો સ્વીકાર નહોતો કર્યો. આપણે એક વ્યક્તિના અલગ વ્યક્તિત્વનો, અસ્તિત્વનો, સ્વભાવનો ,દોષોનો અને એકબીજાની મર્યાદાઓનો. તેથી અજાણતા જ આપણે એકબીજા અપેક્ષાઓ રાખવા લાગ્યા. અને પૂર્ણ ન થાય એટલે દુઃખી થતા એકબીજાને દોષિત માની વિવાદો કરતા, ઝઘડા કરતા.




કેયુર, 'એક દીકરી તરીકે જે રીતે મને ઉછેર મળ્યો. એવી બીબાઢાળ વિચારધારા કે લગ્ન પછી પત્નીની તમામ ઈચ્છા અને સપનાઓ પતિ માટે, પતિથી અને પતિ દ્વારા હોવા જોઈએ જે સહજતાથી સ્વીકારી લીધેલું'. અને તેથી જ મારી તારા પ્રત્યેની અપેક્ષાઓ સતત વધતી ગઈ. તારી માટેની તારી સાથેના સપનાઓની યાદી દિવસે ને દિવસે વધુને વધુ લાંબી

થતી ગઈ. અને મારા પોતાના અંગત અસ્તિત્વને તો ઓસરાય જ ગયું. અને સામે પક્ષે દરેક વખતે તારા નબળા પ્રતિસાદે મારું દિલ દૂભાવ્યુ. હું દુઃખી થતી રહી.પરંતુ 'કેયુર છેલ્લા બે ત્રણ વર્ષના આ કપરા સમયમાં મને મારી અંદર ડોકિયું કરવાનો એક અવસર મળ્યો'. ને જ્યાંથી ખોવાયેલી 'હું' મને મળી ગઈ. ને મનને મગજના ઘણા જ વિવાદો અને સંવાદો પછી જે સમજાયું તે સત્ય તો કંઈક આવું હતું કે, 'હું દુઃખી થવું છું મારી જાતે'. 'કેમ કે, કોઈ આપણને ક્યારેય દુઃખી ન કરી શકે'. 'કેયુર તું મને પ્રેમ કરે છે. તે મને ખુશ રાખવા બની શકે તે કર્યું જ હશે'. 'છતાં તારી પણ કોઈ મર્યાદા હોય'. તો મારી ખુશીઓ કે સપનાની જવાબદારીઓનો બોજ જો હું પોતે જ ન ઉપાડતી હોઉં તો, બીજું કોઈ કેવી રીતે ઉપાડે અને શા માટે? માટે મારી ખુશીઓ કે સપના પૂરા કરવાની જવાબદારી પણ મારી હોવી જોઈએ. એને હું તારા પર થોપી ન શકું. અને એ જ રીતે તારી દરેક અપેક્ષા પર ખરી ઉતરવા માટે હું મારી મર્યાદાઓને અવગણી ના શકું. કોઈપણ માણસ ક્યારેય બધાની બધી અપેક્ષા પૂરી ન કરી શકે. બસ આ એક વસ્તુ મને સમજાઈ ગઈ, ને મેં સ્વીકારી લીધી. તને યાદ છે થોડા સમય પહેલા આપણી વચ્ચે એક બહુ મોટી તકરાર થયેલી. ત્યારે મેં તને મારા મનની દરેક હિલ ચાલ જણાવી હતી.

કેયુર, 'હવે મારે મારા સપનાઓ માટે જીવવું છે'. 'મારી છૂટી ગયેલી કલામાં ફરીથી આજ અજમાવો છે'. ફરી આગળ ધપાવવું છે. ને તે ઘણી જ અસમંજસ પછી દલીલો કરી હતી. જરૂર નથી ? શા માટે? વગેરે વગેરે પરંતુ લાંબી રકઝક પછી તું મારા વિચાર સાથે સહમત થયો. કેમ કે, એ સમયે મેં તને નક્કર અવાજે કહ્યું હતું કે, 'તું સાથ આપીશ તો મને બહુ જ ગમશે પણ તારા સાત વગર પણ ડગલા ભરતા તો શીખી જ જઈશ'. અને એટલી કદાચ તું સમજી ગયેલો. અને તે તારી સંમતિ બતાવી.

ત્યારબાદ મેં મારું સંગીત કલાનું કામ હાથ કર્યું. પહેલા ના મુકાબ લે હવે હું થોડી વધુ વ્યસ્ત રહેવા લાગી. જેથી ઘણી ખરી અપેક્ષા તારી અપૂર્ણ રહેતી. અને તું બોલી પણ જતો. પરંતુ મેં તને એકવાર બરાબર કડક થઈને કહી દીધેલું કે, 'જેટલું બની શકે છે. એટલું કરું જ છું પરંતુ હવે મારી પણ ચોક્કસ મર્યાદાઓ છે તારી જેમ'. 'એટલે એ શક્તિથી વધુ અપેક્ષાઓ રાખીને નિરાશ થવાય તો મને દોષ ન દેતો'. ને સામે પક્ષે મેં પણ તારી પ્રત્યેથી મારી અપેક્ષાઓને આટોપી લીધી છે.

ધીમે ધીમે હવે તું પણ મારા કામની મારી વ્યસ્તતાથી વાકેફ થયો. અને મારી પ્રત્યેની તારી અમાસ અપેક્ષાઓને કદાચ ટૂંકાવવા લાગ્યો. ને આમ, આપણી એકબીજાની માથે મુકેલા આપણા એકમેકની અપેક્ષાઓના બોજની માત્રા ઘટી. અને રહ્યો તો માત્ર પ્રેમ નિરપેક્ષ પ્રેમ, જે હવે એક અપેક્ષા કે ઈચ્છા પૂરી ન થાય તો પ્રેમ નથી એવું માની દુઃખી નથી કરતો. હવે આ પ્રેમમાં માત્ર એકબીજા માટે પ્રેમની લાગણી છે. એકબીજાની અપેક્ષા પર ખરા ઉતારવાની કોઈ હરીફાઈ કે હોડ નથી. બસ આ વાસ્તવિકતા અને સ્વીકારી તેથી આજે આ ખુશીની ચમક દેખાય છે. નહીં તો, અત્યાર સુધી તો અપેક્ષાઓના બોજ



સ્થળે દબાયેલો પ્રેમ સતત દુઃખ અને દર્દ આપતો હતો. એના પરિણામ સ્વરૂપે શરીરને ઘણી બીમારીઓનું ઘર બની ગયું. પણ હવે નહીં.

હવે સત્ય સમજાઈ ગયું છે. અને એટલે જ તને કહું છું કે, 'મને પ્રેમ થયો છે પણ  હવે સાચો પ્રેમ થયો છે'. જોકે, અત્યાર સુધી ખોટો તો નહોતો જ ,પણ કદાચ ભૂલ ભરેલો તો ખરો જ. જેમાં આપણે આપણા પ્રેમની મુલવણી આપણી અપેક્ષાઓની પૂર્ણતાના માપદંડ થી કરતા હતા.  પરંતુ હવે તે મારી અને મેં તારી વ્યક્તિગત, સ્વભાવગત કે પરિસ્થિતિગત મર્યાદાઓને સ્વીકારી લીધી છે. અને એ હિસાબે આપણે એકબીજાથી અપેક્ષાઓ પણ નહીવત જ રાખીએ છીએ. ને મુક્ત મને એકબીજાની ભાવનાઓને આપણે સ્વીકારતા થયા છીએ.  તો કેયુર, 'કે જોઈ હવે થયો ને સાચો પ્રેમ'? 'પરણ્યાના 15 વર્ષ પછી પણ થઈ ગયો છે પાછો પ્રેમ'.

કેયુર ખુશાલીની વાત સાંભળી ગદગદિત થઈ ગયો. તેની આંખમાંથી ખુશીના આંસુ છલકાયા.  તે બોલ્યો, 'યાર હવે તો મને સાચે જ સાચો પાછો પ્રેમ થઈ ગયો, ને એ પણ એકદમ નવો નકોર અને તરોતાજા હો'. ''?એમ ખુશાલી બોલી. હાસ્તો  વળી, 'એકલા તમને જ થોડી થાય આ પ્રેમ'? , 'અમારો હક નહીં એના પર'? કેયુરે કહ્યુ  ને બંને મલકયા.

તો ચલ , 'ખુશાલી આજે આપણા નવાનવા પ્રેમના પહેલા દિવસને કોઈ અવસરની જેમ ઊજવીએ'. 'હું આજે ઓફિસથી રજા લઈ લઉં છું'. 'આ બાળકો નિશાળે જાય એટલે એ સાંજ સુધી પાછા ન આવે ત્યાં સુધી આપણે બેય આપણા નવા નવા પ્રેમની રંગીન મસ્ત પળોને માણીએ'. અને 'પ્રેમથી જીવીએ'. 'આજે તારો હાથ હાથમાં લઈને ઘણુંય કહેવાનું મન થાય છે'. અરે! વાહ! 'હું પણ આવી ક્ષણોની તો વર્ષોથી વાટ જોતી રહી છું'. 'હું બાળકોને બસમાં છોડીને આવુ છુ. ઓકે ચલ, જા હું તારી વેઈટ કરૂં છું'. કેયુર બોલ્યો.

ખુશાલી ફટાફટ બાળકોને મૂકીને આવી ગઈ . ઘરનો દરવાજો બંધ કરી પોતાના રૂમમાં ગઈ. કેયુર રાહ જોતો બેઠો હતો. ખુશાલી તેને વળગી પડી. બંને આટલા વર્ષથી મનમાં દબાવી રાખેલ  કેટલીય કુમળી લાગણીઓ પરસ્પર ખોલી. એકમેકના હૈયા ખુલ્યા. અને આજે ખરા અર્થમાં બંનેનું મિલન થયું. બંને વાતો કરતા કરતા ક્યારેય એકબીજામાં ઓતપ્રોત થયા એનો ખ્યાલ જ ના રહ્યો, ને અંતરના ઓરડે પ્રેમનો પમરાટ પ્રસરી ગયો. કેયુર ખુશાલી નો પ્રેમ સૌ સંકટોથી પાર થયો. અને બેયને આજ 15 વર્ષે પાછો એકમેકથી પ્રેમ થયો. અત્યાર સુધીના સહવાસમાં માત્ર શરીરને સ્પર્શેલા એ બેય આજે એક મેકના અંતર સુધી પહોંચી ગયા. અને અંતરના ઓરડે પ્રેમનો અજવાસ થઈ ગયો. જાણે આજ ખુશાલીને કેયુરે ઓરડાની બત્તીઓ બુજાવીને હૃદયના દીવડા પ્રગટાવ્યા, અને પ્રેમની દિવાળી ઉજવી દીધી.




નિધિ મહેતા, અમદાવાદ. M. 87589 62340


## શુદ્ધ અંતઃકરણ...

આપણે આ જગતમાં કેટકેટલા લોકોના સંપર્કમાં આવીએ છીએ પરંતુ તેમાંથી કોઈક સમયે અમુક વ્યક્તિઓ સાથે મેળાપ થઈ જાય છે.આ બધામાંથી પણ હજારોમાં એકાદ વ્યકિત એવી મળશે જે જીવનભર આપણા હૃદયમાં સ્થાન મેળવી જાય છે કારણ આવી વ્યકિતઓ સંપૂર્ણ નિખાલસ,શુદ્ધ અંતઃકરણવાળી જાણે કે એક બાળક જ તેમનામાં રમતું હોય તેવી નિર્દોષ અને તેજસ્વી હોય છે.

યુગયુગાંતર પછી પણ આ પામર મનુષ્ય કર્મ,પ્રારબ્ધ,દેશકાળ અને ઋણાનુબંધથી વીટળાયેલો હોય છે. તેથી જ તે બિચારાએ જાણ્યે અજાણ્યે,ગમે કે ન ગમે તો પણ આવા સમય,સંજોગ અને પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે.જે તેની કસોટી કરી જાય,પરંતુ આ બધામાંથી આંગળીના વેઢાએ ગણી શકાય તેવા અલ્પ મનુષ્યગણ જ ઘટતું અઘટતું કોઈ સાથે ન્યાય,અન્યાય,સાચું–ખોટું કરેલું કર્મ કર્યું હોય તે પસ્તાવા સ્વરૂપે બોલી નાખી તેનું હૈયું હળવું કરી નાખે છે.તે સમયે તેનામાં તલમાત્ર પણ સુક્ષ્મ અહં પણ દેખાતો નથી,જેથી પસ્તાવો કરવા કોઈપણ વ્યકિતની પાસે પોતાનું હૈયું ઠાલવી નાખે છે તેથી તેની અંદરનું તમામ ઝેર,રાગ,દ્વેષ,અસત્ય વગેરે બહાર નીકળી જતાં માત્ર સત્ય,ન્યાય,ધર્મ શુદ્ધ કર્મની ભાવના જાગૃત થાય છે.આને જ શુદ્ધ અંતઃકરણ કહી શકાય..જે આ દુનિયાના રંગથી અલગ પરિદર્શક હોય છે.આવી વ્યકિતઓમાં ઈશ્વરને નીકટતાથી નિહાળવાનો લ્હાવો મળે છે.

આવા શુદ્ધ અંતઃકરણવાળા મનુષ્યો જાણે આપણે બધાંને તેમના તરફ ખેંચતા ન હોય તેમ લાગે છે.વળી ઘણીવાર તેઓ જે અજાણતાં જ કહી જાય છે તે ઘટનાઓને સત્ય બનતાં પણ આપણે જોઈએ છીએ.તેનું નિર્મળ મન તેને ક્ષણિક નિર્વિચાર કરી નાખે છે,એવા સમયે વૈશ્વિક વિચારોના વર્તુળને તેની ચેતનાનો વિસ્તાર પોતાનામાં સમાવી લે છે.તેથી જ કોઈ જ્યોતીષ કરતાં આવા શુદ્ધ અંતઃકરણવાળા મનુષ્ય પાસે પ્રશ્નોનું નિરાકરણ ત્વરિત અને સત્યસભર રહી,માર્ગદર્શકરૂપ બની રહે છે.

આવી વ્યકિતઓ પોતાનાથી કોઈપણ જીવમાત્રને થયેલી શારિરીક કે માનસિક ઠેસનો પસ્તાવો પણ સાચા હૃદયથી કરે છે.તેથી તેવી વ્યકિતને તેઓ સમર્પણ પ્રેમ અને ત્યાગથી કરતાં તેની લાગણીને પોતાની લાગણી સમાન જ જાણે છે. પોતાના સુખ અને આનંદની ચેતનાને વિસ્તારતાં કોઈ જરૂરતમંદ વ્યકિતને પોતાનું સુખ માનતા આવા શુદ્ધ અંતઃકરણવાળા મનુષ્યો ઈશ્વરના દર્શનની અનુભૂતિ ક્ષણે ક્ષણે કરી શકે છે.તેનું મુખ્ય કારણ એ છે કે તેવી વ્યકિતઓ માટે જડ,ચેતન, કીટક,વનસ્પતિ,ગરીબ કે તવંગર મનુષ્ય, પશુ કે પક્ષીઓમાં કોઈ જ ભેદ જ નથી. બાળકને જેમ આ જગતની મર્યાદાઓનું ભાન નથી તેમ આવા શુદ્ધ અંતઃકરણ – વાળા મનુષ્યોને પણ આવો ભેદ કે ભાન નથી.




ખરેખર જો આવા શુદ્ધ અંતઃકરણની ગંગામાં આપણાં સૌના હૈયા હિલોળે તો ચોક્કસ સમાજમાં કોઈ જ દુઃખી ન રહે, કારણ તે પરને નીજ અને નીજમાં પરને પારખે છે.

– ચિરંતન પટ્ટણી,વડોદરા.

સુવિચારો :

(૧) લોકો સુખની ચાવી શોધે છે,પણ સવાલ એ છે કે સુખનું તાળું માર્યું કોણે?
(૨) સાંભળી લેવું અને સંભાળી લેવું દરેક વ્યક્તિના ગજાની વાત નથી.
(૩) વર્તનમાં બાળક બનો,સત્યમાં યુવાન બનો અને જ્ઞાનમાં વૃદ્ધ બનો.
(૪) સફળતા તમારા સુધી નહિં આવે પરંતુ તમારે સામેથી તેની પાસે જવું પડશે..!
(૫) સંબંધો ચંદનના વૃક્ષ જેવા રાખો,ભલે ટૂકડા થાય પણ સુગંધ ન જાય.
(૬) જગ્યા આપવી અને સ્થાન આપવું આ બંને વચ્ચે મોટો તફાવત છે.
(૭) તમારી પાસે સત્ય અને સાચી નીતિ હશે તો ભગવાન તમારો રથ ચલાવશે.
(૮) સપના એટલે પગથિયાં વિનાની સીડી !
(૯) કણ અને ક્ષણની જેને કિંમત છે તેને મણ જેટલું સુખ મળે છે
(૧૦) વાસ્તવિકતાને જેટલી વહેલી સ્વીકારાય તેટલા વહેલા સુખી થવાય.
(૧૧) નસીબનો પ્રેમ અને ગરીબની દોસ્તી ક્યારેય દગો નહી આપે.
(૧૨) મારી વાણીનો અફસોસ મને ઘણીવાર થાય છે,મારા મૌનનો કદી નહિં.
(૧૩) જે વ્યકિત ટૂંકમાં સમજી જાય,એનો અનુભવ વિશાળ હોય છે.
(૧૪) મનુષ્યની વાણી જ વિષ અને અમૃતની ખાણ છે.
(૧૫) સંકટમાં માત્ર અને માત્ર બુદ્ધિ જ કામમાં આવે છે.
(૧૬) સુખમાં નોતરાં એમને જ અપાય જે દુઃખમાં વગર નોતરે આવ્યા હોય!
(૧૭) વર્તનથી જ પરિવર્તન આવે,એ પછી દેહ હોય કે દેશ.
(૧૮) જીવનમાં સંતોષ પામવા માટે એક જ વસ્તુ છોડવી જોઈએ સરખામણી.
(૧૯) અજ્ઞાનની શક્તિ ક્રોધ છે,અને જ્ઞાનની શક્તિ મૌન છે.
(૨૦) આદત જ દુઃખ આપે છે,એ પછી વ્યકિતની હોય કે વસ્તુની!
(૨૧) ખૂબી અને ખામી બંને હોય છે લોકોમાં,તમે શું શોધ્યું એ મહત્વનું છે.
(૨૨) અપેક્ષાની સમાપ્તિ એટલે,જીવનમાં શાંતિની શરૂઆત.
(૨૩) ભાગ્ય લઈને આવવાનું અને કર્મ લઈને જવાનું,આ નાનકડો પ્રવાસ એટલે જિંદગી.




રાજકોટના હવે આણંદ સ્થાયી થયેલા ઉપરોક્ત પુસ્તક જેવા અનેક પુસ્તકોના લેખક અને શ્રેષ્ઠ ચિત્રકાર–ગ્રાફિક ડિઝાઈનર–શ્રી વિરલ વૈષ્ણવ તરફથી કલાત્મક ડ્રોઈંગ ઇમેજ સાથે પોતાના જ મૌલિક વિચારો–વાક્યો દરરોજ વ્હોટસએપ દ્વારા મળે, જે આ અંકમાં દરેક પાના ઉપર સાભાર પ્રકાશિત કરેલ છે. –તંત્રી.

## « ABM TRAVELS »

Discover your choice of destination in 2024,
we will make customized tour plan as per your requirement with
choice of selected hotels/resorts, top conditioned AC vehicles
with courteous drivers and lots of sightseeing for your comfortable
and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

● Shimla Manali ● Dalhousie ● Dharamshala ● Amritsar ● Vaishnodevi
Ladakh ● Kashmir ● Nainital ● Corbet ● Mussoorie ● Darjeeling
● Gangtok ● Ooty Coorg ● Kerala ● Lakshadweep ● Andaman
● Guwahati ● Shilong ● Arunachal ● Rajasthan ● MP ● south India ● Goa
■ Nepal Dubai ■ Singapore ■ Thailand ■ Malaysia
■ Bali ■ Maldives ■ Mauritius ■ Vietnam

Religious places and many more.

**Avinash Mehta**
9820817318
abmtravels@gmail.com



## યોગ પ્રાણ વિદ્યા

હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

**શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?**

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- મેદસ્વિતા
- સાંધાના દુ:ખાવા
- દમ અથવા અસ્થમા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- કિડનીની તકલીફો
- પેટની તકલીફો
- હૃદયની તકલીફો
- ખભા અને કમરના દુ:ખાવા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- વેરિકોઝ વેઇન
- ડર અને ફોબિયા
- ઊંઘ ના આવવી
- આધાશીશી / માઇગ્રેન
- એલર્જી અને ઈન્ફેક્શન
- રીલેશનશીપની તકલીફો

બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

**હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરો:**

ધવલ ધોળકિયા +૯૧-૯૯૦૪૪૦૪૬૪૫
૨૦+ વર્ષના અનુભવી
મીના ધોળકિયા +૯૧-૯૯૨૫૪૬૦૦૪૬

www.ypvmeraki.com ypvmeraki@gmail.com
+91-9484668989 ypvmeraki YPV Meraki



Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.


**ખાસ નોંધ લેશો કે...** જાન્યુઆરી માસથી બરછી પોસ્ટ/કુરિઅરના વિકલ્પમાં આપે જે રીતે લવાજમ ભર્યુ હોય તે મુજબ મોકલવામાં આવે છે. મેઈલીગ પ્રોગ્રામમાં પણ પોસ્ટ/કુરિયરનો વિકલ્પ મુજબ બંનેની અલગ એડ્રેસ સ્લીપની પ્રિન્ટ નીકળે છે. વોટસએપનો ઓટો મેસેજ પણ તે રીતે મોકલવામાં આવે છે. છતાં મારી શરતચૂકથી રીન્યુ કરવામાં ભૂલ થઈ હોય અને અંક કુરિયરને બદલે પોસ્ટથી મળે કે ન જ મળે તો, કે સરનામામાં ફેરફાર હોય તો શક્ય હોય તો ગ્રાહક નંબર અથવા નામ સાથે તુરત જાણ કરવા વિનંતી છે. જેથી કુરિયરને જાણ–ફરિયાદ પણ–કરી શકાય. આ આપનો હક છે.–તંત્રી.

**BOOK POST**


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.